# ગ્રામ્ય મંડળો એટલે અનૌપચારિક શિક્ષણની યુનિવર્સિટી

શિક્ષણના મુખ્ય બે પ્રકાર પાડી શકાય. ઔપચારિક શિક્ષણ અને અનૌપચારિક શિક્ષણ. ઔપચારિક શિક્ષણ એટલે કે જે શાળા-કોલેજોમાં લેવામાં આવે છે, જેના ચોક્કસ નિયમો-ધારાધોરણો, અભ્યાસક્રમ વગેરે હોય છે. જ્યાં ચોક્કસ સમયગાળામાં ચોક્કસ શિક્ષણ આપવામાં આવે છે. જ્યારે અનૌપચારિક શિક્ષણ એટલે કે નિયમોના બંધન વગર, તેની કોઇ ચોક્કસ સંસ્થા નહીં, કોઇ અભ્યાસક્રમ નહીં, ગમે ત્યાંથી મળી શકે. પછી તે મંદીરમાંથી હોય કે કોઇ મંડળમાંથી હોય. રસ્તા પર ચાલતા ચાલતાં કે બસમાં મુસાફરી કરતાં કરતાં પણ મળી શકે. અહીં કોઇ વાચકને પ્રશ્ન થાય કે, આ રીતે શિક્ષણ મળી શકે ? તેને સાચા અર્થમાં શિક્ષણ કહેવાય ? તો તેના અનુસંધાનમાં એક બાબતની નોંધ લઇએ. શિક્ષણ શા માટે લેવામાં આવે છે ? જે કારણોસર કે જે હેતુની પૂર્તિ માટે શિક્ષણ લેવામાં આવે છે તે હેતુ જેના દ્વારા પૂર્ણ થાય તેને શિક્ષણ જ કહેવાય. શિક્ષણ લેવા પાછળના ઘણાં હેતુઓ છે, જેમ કે, જ્ઞાનપ્રાપ્તિ, રોજીરોટી કે આર્થિક ઉત્પાદન, શારીરિક વિકાસ, આધ્યાત્મિક વિકાસ, ચારિત્ર્ય ઘડતર- નૈતિક ગુણોનો વિકાસ, ભાવાત્મક એકતાનું નિર્માણ, સંસ્કૃતિનું સંરક્ષન અને સંવર્ધન કરવું વગેરે. આ સિવાય પણ શિક્ષણના અન્ય બીજા હેતુઓ છે. હવે આપણે વિચારીએ કે, શિક્ષણ કેમ લેવામાં આવે છે ? તો જવાબ મળે કે ઉપરોક્ત જેવા હેતુઓની પૂર્તિ માટે. તો ઉપરોક્ત હેતુઓની પૂર્તિ જેના દ્વારા થાય તે શિક્ષણ અને તેવું કામ કરતી સંસ્થા એટલે શૈક્ષણિક સંસ્થા.

ઉપરોક્ત રીતે વિચારતાં સમાજમાં આપણી આસપાસ ઘણી નાની મોટી સંસ્થાઓ છે કે જે શિક્ષણનું કામ કરે છે. જેમકે, ગ્રામ્ય મંડળો, મહિલા મંડળો, ધાર્મિક પરિવારો, સેવાભાવી મંડળો વગેરેનો સમાવેશ કરી શકાય. આવા મંડળોમાં કોઇ એક ચોક્કસ ગામના લોકો દ્વારા ચાલતું મંડળ જે તે ગામના લોકો માટે એક યુનિવર્સિટીની ગરજ સારે છે. અહીં કહેવાનું મન થાય કે, આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાં મોટાભાગના ગામડાંઓમાં યુવક પ્રગતિ મંડળો ચાલતા હતા. જેમાં ગામના યુવાનો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ થતી, ગામના લોકો હોંશે હોંશે ભાગ લેતા હતા. દુ:ખ સાથે કબુલવું પડે છે કે, આજે આવા યુવક પ્રગતિ મંડળો નામશેષ થઇ ગયા છે. ત્યારે ગામડામાંથી આવીને શહેરમાં વસેલા એક જ ગામના લોકો એકઠા થઇને કોઇ એક મંડળની સ્થાપના કરતા હોય છે. આવું જ એક મંડળ અમદાવાદ જિલ્લાનું અને સુરેન્દ્રનગર, મહેસાણા જિલ્લા, અમદાવાદ જિલ્લાના ત્રિભેટે વસેલું સીતાપુર ગામ છે. જે ગામના લગભગ ૩૦૦ થી વધુ પરિવારો માત્ર અમદાવાદમાં રહે છે. આ ગામના લોકોએ પોતાના જ ગામના નામ પરથી અમદાવાદમાં એક મંડળ “સીતાપુર પરિવાર”નામથી બનાવેલ છે. જે વર્ષોથી ખૂબ જ સારું કામ કરી રહ્યું છે. આ મંડળ કે પરિવારની કામગીરી અને ભાવનાને ધ્યાનમાં લઇને આજુબાજુના ઘણાં ગામના લોકોએ મંડળ બનાવ્યા. સીતાપુર પરિવાર-અમદાવાદ જેવા અનેક ગ્રામ્ય મંડળો અમદાવાદમાં ચાલતા હશે અને તેનો ચેપ જેટલો વધુ ફેલાય તે સમાજ માટે ફાયદાકારક જ છે. આવા મંડળો દ્વારા જે તે ગામનો સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક વિકાસ થવાની શક્યતા વધી જાય છે. શહેરમાં આજે એક સગાં બીજા સગાંને વર્ષમાં માંડ એકાદવાર મળતા હશે ત્યારે, ગામડાંમાંથી આવીને શહેરમાં વસેલા આ લોકો વર્ષમાં બે-ચાર વાર કોઇ ચોક્કસ સ્થળે એકઠા થાય છે. પોતાના કુટુંબની સમસ્યાઓ કે પ્રગતિની વાત કરે છે. જેમાંથી એકબીજાનો સહકાર કે માર્ગદર્શન મેળવીને પ્રગતિ સાધે છે. આ પ્રગતિ પોતાના પૂરતી જ સીમિત

નહીં રાખતાં પોતાના ગામ સુધી લઇ જવાનો પ્રયત્ન કરે છે. ગામની સમસ્યાને પોતાની સમસ્યા સમજે છે. ગામના વિકાસ અંગેની પણ ચર્ચાઓ ચાલે છે. દરેક વ્યક્તિ પોતાની શક્તિ પ્રમાણે ગામનો વિકાસ કરવાનો પ્રયત્ન કરે છે. જે ખરા અર્થમાં અનૌપચારિક શિક્ષણ છે.

શાળા-કોલેજોમાં લોકશાહી કે સમાનતાના પાઠો નહીં શીખેલા લોકો આવા મંડળ કે પરિવારમાં જોડાતાં જ બદલાઇ જાય છે. ગામમાં એકતા આવે, નૈતિક મૂલ્યોનો વિકાસ થાય, ભાઇચારાની ભાવનાનો વિકાસ થાય, કુરિવાજો ઘટતાં જાય, અંધશ્રદ્ધા નાબૂદ થાય વગેરે પ્રકારનું સામાજિક શિક્ષણ આવા મંડળો થકી મળે છે. તો આવા મંડળોને અનૌપચારિક શિક્ષનની યુનિવર્સિટી જ કહી શકાય. આવા ગ્રામ્ય મંડળો કે ગ્રામ્ય પરિવારો અનાયાશે જે શિક્ષણ આપે છે તેની કદાચ તેમના દરેક સભ્યને જાણ નહીં હોય કે તેઓ દેશ સેવાનું – રાષ્ટ્રીય હિતનું કેટલું મોટું કામ કરી રહ્યાં છે. પરિવારના સભ્યો જ્યારે મળે ત્યારે એકબીજાના બાળકોના શિક્ષણ અંગેની માહિતીની આપલે કરતાં હોય છે. જેથી એકબીજાના અનુભવોમાંથી કશીક પ્રેરણા લે, ક્યારેક અન્ય સભ્ય પાસેથી બાળકના શિક્ષણ અંગે માર્ગદર્શન મેળવે. આ માર્ગદર્શન યુનિવર્સિટીની પૂછપરછ બારી પરથી મેળવેલ માર્ગદર્શન કરતાં અનેક ગણું ચડિયાતું અને ઉપયોગી નીવડે છે. સમાન વ્યવસાય કરતાં સભ્યો માહિતીની આપલે દ્વારા પોતાના ધંધાનો વિકાસ કરતા હોય છે, સભ્યો એક બીજાને સહકાર આપીને કે મેળવીને પોતાના ધંધાને કે પોતાની કૂનેહને આગળ ધપાવતા હોય છે. જે કામ ક્યારેક મોટી ઔદ્યોગિક સંસ્થાઓ નથી કરી શકતી તે કામ આવા ગ્રામ્ય પરિવારો ચપટી વગાડતાં જ કરી નાંખે છે.

ટૂંકમાં, ગામડામાંથી શહેરમાં ધંધા રોજગાર માટે લોકો આવતા ગામડાં ખાલી થવા લાગ્યા છે, હોંશિયાર-કૌશલ્ય ધરાવતા કે વધુ ભણેલા લોકોને સ્વાભાવિક છે કે ગામડામાં તેમના કૌશલ્ય પ્રમાણે ધંધો-રોજગાર કે નોકરીની તક ન મળે. માટે જ તેઓ શહેરમાં આવે છે. પરિણામ સ્વરૂપ ગામમાં વધુ ભણેલા કે વધુ કૌશલ્ય ધરાવનાર લોકોની ખોટ વર્તાય છે, જેથી જે તે ગામનો વિકાસ અટકી જાય છે. આવા સમયે ગામડામાંથી શહેરમાં આવેલા લોકો દ્વારા સ્થાપિત મંડળો જે તે લોકસમૂહ ગામ માટે ખૂબ જ ઉપયોગી થઇ પડે છે. હમણાં જ આવા એક લોક સમૂહમાં હાજર રહેવાનું થયું. જમવાનું ચાલતું હતું, ત્યાં કાને શબ્દો સંભળાયા કે, ભઇ આવું તો તારે કરાય ? પછી શીખામણના ઘણાં વાક્યો સાંભળ્યા. અર્થ એક જ છે કે, આવા ગ્રામ્ય મંડળો પોતાના ગામની કોઇ વ્યક્તિ આડા પાટે ચડી ગઇ હોય તો તેને સમજાવે છે, સલાહ આપીને સાચા રસ્તે ચડાવવાનો પ્રયત્ન કરે છે. આમ લોકજાગૃતિનું કામ ગરામ્ય પરિવારો કે મંડળો કરે છે. આ બધું જ અનૌપચારિક શિક્ષણ છે. જે જિંદગીમાં સૌથી વધારે ઉપયોગી છે. જે કદાચ શાળા-કોલેજમાં ઔપચારિક શિક્ષણ દ્વારા ન પણ મળે. અંતે સીતાપુર પરિવારમાંથી લોકો પ્રેરણા લે, એવા મંડળો સમાજમાં સ્થપાય અને સમાજ કે દેશ હેતનું કામ થાય તેવી શુભેચ્છા સાથે.